# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩ તા.૭-૪-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળા વ્યવસ્થાપન સમિતિ(**SMC**)ની પુનઃ રચના કરવા બાબત.

સંદર્ભ :- (૧) ઠરાવ ક્રમાંક : પીઆરઈ-૧૯૨૫-૨૪૨૫-ક, તા.૨૨-૩-૨૦૧૧ અન્વયે

(૨) એસએસએ/કોમ્યુ.મોબી/૨૦૧૬/૧૦૨૨૨-૧૦૩૩૬ તા.૨૩-૩-૧૬

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર અધિનિયમ(**RTE-ACT** ૨૦૦૯)ની કલમ-૨૧ અને ગુજરાત બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો (ગુજરાત **RTE** રૂલ્સ ),૨૦૧૨ના નિયમ-૧૬ની જોગવાઈઓ પ્રમાણે શાળા વ્યવસ્થાપન સમિતિની દર ૨ (બે) વર્ષે પુનઃ રચના કરવાની રહે છે.

**RTE**-૨૦૦૯તા.૧-૪-૧૦ થી અમલમાં આવતા સદરહુ અધિનિયમની કલમ-૨૧ની જોગવાઈઓ મુજબ બિન સહાયિત શાળાઓ સિવાયની શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની રચના કરવા માટે શિક્ષણ વિભાગના તા.૨૨-૩-૧૧, તા.૨-૮-૧૧ અને તા.૪-૧૧-૧૧ના ઠરાવ નંબર પીઆરઈ-૧૨૯૫૨૪૨૫-ક થી આપવામાં આવી હતી. તેને અનુલક્ષીને જૂન-૨૦૧૬ના નવા શૈક્ષણિક સત્રથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ અને વર્ષ ૨૦૧૭-૧૮ માટે રાજયની બિન સહાયતી સિવાયની શાળાઓમાં શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃ રચના શાળા કક્ષાએ કરવાની રહે છે તેમજ ત્યાર પછી દર ૨(બે) વર્ષે શાળા વ્યવસ્થાપન સમિતિની મુદત પૂર્ણ થયેથી શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃ રચના કરવાની રહેશે.

૧. નિયમોમાં શાળા વ્યવસ્થાપન સમિતિના ઠરાવેલ માળખા પ્રમાણે શાળા વ્યવસ્થાપન સમિતિની કુલ ૧૨(બાર) સભ્યોની બનશે.

**A.** જેમાં ૭૫ % (૯-સભ્યો) શાળામાં અભ્યાસ કરતા બાળકોના માતા-પિતા કે વાલીઓમાંથી હશે. જેમાં વંચિત જૂથ અને નબળા વર્ગના બાળકોના વાલીઓને પણ પ્રમાણસર પ્રતિનિધિત્વ આપવાનું રહેશે.

**B.** બાકી રહેલ ૨૫% (એટલેકે ) સભ્ય સંખ્યામાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ કરવાનો રહેશે.

ક. એક સભ્ય સ્થાનિક સત્તાતંત્ર(ગ્રામ પંચાયત,નગર શિક્ષણ સમિતિ) નક્કી કરે તેવા સ્થાનિક સત્તાતંત્રના ચૂંટાયેલા સભ્ય

ખ. એક સભ્ય શાળાના શિક્ષકોમાંથી શિક્ષકો નક્કી કરે તે શ્રેયાન શિક્ષક-આચાર્યશ્રીની ગેરહાજરીમાં તે શિક્ષક સભ્ય સચિવ તરીકેની કામગીરી બજાવશે.

ગ. એક સ્થાનિક સભ્ય સ્થાનિક શિક્ષણવિદો/ શાળાના બાળકોમાંથી સમિતિમાં સમાવિષ્ટ માતા-પિતા નક્કી કરે તે.

ઘ. સ્થાનિક કડિયો(ગામમાં કડિયો ન હોય તો બાજુના ગામનો કડિયો) (આ સભ્યની નિયુક્તિ શાળા વ્યવસ્થાપન સમિતિની અધ્યક્ષશ્રીએ કરવાની રહેશે.)

**C.** શાળા વ્યવસ્થાપન સમિતિની પોતાના રોજીંદા વહીવટ ચલાવવા માટે સમિતિમાં માતા-પિતા તરીકે સમાવિષ્ટ સભ્યોમાંથી અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની પસંદગી કરશે.શાળાના આચાર્ય અથવા જયાં શાળાના આચાર્ય ન હોય ત્યાં શાળાના શ્રેયાન શિક્ષક, હોદ્દાની રૂએ સભ્ય સચિવ બનશે.

**D.** શાળા વ્યવસ્થાપન સમિતિની મિટીંગ દર ૩(ત્રણ)માસમાં ઓછામાં ઓછી એક વખત બોલાવવાની રહેશે. મિટીંગોની નોંધ અને કરવામાં આવેલ નિર્ણયો અંગેની નોંધો વ્યવસ્થિત રીતે કરવાની/જાળવવાની રહેશે અને લોકોનાં જાણ અર્થે મૂકવાની રહેશે.

૨. દરેક ધોરણના બાળકના વાલીને પ્રતિનિધિત્વ મળે તે માટે શાળામાં ચાલતા ધોરણો (ધો.૧ થી ૮)ને ધ્યાનમાં લઈ શક્ય હોય ત્યાં સુધી દરેક ધોરણના વિદ્યાર્થીના વાલીને સપ્રમાણ પ્રતિનિધિત્વ મળે તે રીતે સભ્યોની પસંદગી કરવી.

૩. શાળામાં વાલી સભા/ગ્રામ સભા યોજી આચાર્યશ્રી દ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિની પુનઃ રચના માટે બેઠક યોજવી. પુનઃ રચનાની કામગીરી માટે મળેલ વાલી મિટીંગની કાર્યવાહી નોંધ તૈયાર કરવાની રહેશે અને મિનીટ્સ બુકમાં જાળવવાની રહેશે.

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ માટે એટલે આગામી પ્રવેશોત્સવ પહેલા શાળા વ્યવસ્થાપન સમિતિની નિયમોનુસાર પુનઃ રચના કરવાની રહેશે.

સી.આર.સી.કો.ઓ.,યુ.આર.સી.કો.ઓ., સુપરવાઈઝર, મદદનીશ શાસનાધિકારીશ્રી **SMC**ની રચના નિયમ મુજબ થયેલ છે તેની તપાસણી કરવાની રહેશે અને સી.આર.સી.કો.ઓ.એ તેમની હસ્તકની તમામ શાળાઓમાં **SMC**ની નિયમ પ્રમાણે પુનઃરચના થયેલ છે તેવું પ્રમાણપત્ર યુ.આર.સી.કો.ઓ.ને આપવાનું રહેશે. યુ.આર.સી.કો.ઓ, કોમ્યુનીટી મોબીલાઈઝેશન કો.ઓ.ને તેમના સમગ્ર યુ.આર.સી. હસ્તકની શાળાઓમાં **SMC**ની રચના થઈ ગયેલ હોય તેવું પ્રમાણપત્ર આપવાનું રહેશે.

| | ચકાસણીનું ક્ષેત્ર | સમય |
|---|---|---|
| સી.આર.સી.કો.ઓ. | તમામ શાળાઓ | ૬ જૂન ૨૦૧૬ સુધી |
| યુ.આર.સી.કો.ઓ. | દરેક કલસ્ટરની ૧૦% શાળાઓ | ૬ જૂન ૨૦૧૬ સુધી |
| સુપરવાઈઝર | બીટની તમામ શાળાઓ | ૬ જૂન ૨૦૧૬ સુધી |
| મદદનીશ શાસનાધિકારી | ઝોનની બીટની ૧૦% શાળાઓ | ૬ જૂન ૨૦૧૬ સુધી |

તા.૭-૪-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪ તા.૭-૪-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં અભ્યાસ કરતા તમામ બાળકોના આધારકાર્ડ કઢાવવાના થાય છે. આ અંગે અત્રેથી અવારનવાર પરિપત્રો દ્વારા સૂચનાઓ કરવામાં આવેલ છે, તેમ છતાં હજુ ઘણાં વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ કઢાવવાના રહી ગયેલા હોવાનું જણાય છે. તો નીચેની સૂચનાઓનું ફરજિયાતપણે પાલન કરી તા.૩૦-૪-૧૬ સુધીમાં સદર કામગીરી પૂર્ણ કરવાની રહેશે.

સૂચનાઓ :-

૧. મ્યુનિ. સ્કૂલ બોર્ડની શાળાઓમાં તા.૧૩-૪-૧૬ થી પરીક્ષાઓ પૂર્ણ થાય છે. તે પહેલાં એટલે કે પરીક્ષા પછી ૧ કલાક જે બાળકોનાં આધારકાર્ડ બાકી હોય તેવા બાળકોને કીટની સંખ્યા પ્રમાણે જરૂરિયાત પ્રમાણે બોલાવી તમામ વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ નીકળે તે માટે મુખ્ય શિક્ષકશ્રીએ સુચારું આયોજન ગોઠવવું. જો તમારી શાળામાં કીટ ઉપલબ્ધ ન હોય તો નીચેના અધિકારીશ્રીઓનો સંપર્ક કરીને તાકીદે કીટ મેળવવાની કામગીરી કરવી. (ઉર્દૂ-હિન્દી ઝોનની જે-તે મ્યુનિ. કોર્પો.ના ઝોન મુજબ ગણતરી કરવી)

| | | |
|---|---|---|
| ઉત્તર ઝોન | - | ડૉ.સત્યેન્દ્રસિંહ ઠાકુર |
| દક્ષિણ ઝોન | - | શ્રી દિનેશભાઈ દેસાઈ |
| પૂર્વ ઝોન | - | શ્રી ચંદ્રકાંતભાઈ ગામેતી |
| પશ્ચિમ ઝોન | - | શ્રી નલિનીબેન પોપટાણી. |

૨. તા.૧૫-૪-૧૬ના રોજ કે ત્યારપછી જે વિદ્યાર્થીઓનાં આધારકાર્ડ બાકી હોય તેવા બાળકોના ખરાઈ કરી તા.૩૦-૪-૧૬ સુધીમાં આધારકાર્ડ નીકળે તે જોવું. અન્યથા જે-તે શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ વેકેશનમાં શાળા ચાલુ રાખીને બાળકોને ઘરે જઈ બોલાવીને પણ આ કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે, તેની નોંધ લેવી.

તા.૩૦-૪-૧૬ના રોજ તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ ''મારી શાળામાં એકપણ વિદ્યાર્થીનું આધારકાર્ડ કઢાવવાનું બાકી નથી ''તે મુજબનું પ્રમાણપત્ર બીટ સુપરવાઈઝરને આપવાનું રહેશે.

આગામી તા.૧૩-૪-૧૬ તથા તા.૨૧-૪-૧૬ના રોજ નીચે મુજબની માહિતી બીટ સુપરવાઈઝરને આપવી.

| ક્રમ | શાળાનું નામ | વિદ્યાર્થીની કુલ સંખ્યા | આધારકાર્ડ કઢાવેલ વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| | | | |

તા.૭-૪-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫ તા.૭-૪-૧૬

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આગામી ૧ લી મેના રોજ **ગુજરાત રાજ્ય સ્થાપના દિન** છે. જેને ગુજરાત સરકારે **"ગુજરાત ગૌરવ દિન"** તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે. જે અંતર્ગત મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં નીચે મુજબના કાર્યક્રમો હાથ ધરાનાર છે. આથી શાળા કક્ષાથી શહેર કક્ષા સુધી શાળાઓમાં વિવિધ કાર્યક્રમો માટે વિદ્યાર્થીઓને પ્રેરણા આપી પરીક્ષા પૂર્ણ થયા બાદ જે-તે કાર્યક્રમો અંગે તૈયારી કરાવવાની રહેશે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

(૧) **ધો.૧ થી ૫ના વિદ્યાર્થીઓ માટે વેશભૂષા :-** ગુજરાત રાજ્યની પ્રગતિમાં વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરનાર ઉદાહરણરૂપ નીચેના મહાનુભાવો પર વેશભૂષા કરવામાં આવશે. તમામ શાળાઓમાં આ કાર્યક્રમ યોજવામાં આવશે. ત્યારબાદ બીટ, ઝોન તથા શહેર કક્ષાએ વિજેતાઓને ઈનામ આપવામાં આવશે.

(૧) મહાત્મા ગાંધી
(૨) સરદાર વલ્લભભાઈ પટેલ
(૩) રવિશંકર મહારાજ
(૪) પૂ. મોરારી બાપુ
(૫) વીર નર્મદ
(૬) ઝવેરચંદ મેઘાણી
(૭) કવિ કલાપી
(૮) ઈન્દુલાલ યાજ્ઞિક
(૯) વિક્રમ સારાભાઈ
(૧૦) નરસિંહ મહેતા
(૧૧) દયાનંદ સરસ્વતી
(૧૨) અખો
(૧૩) પ્રેમાનંદ

શાળા કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થી બીટકક્ષાએ, બીટ કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ ઝોનકક્ષાએ અને ઝોનકક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ શહેર કક્ષાએ ભાગ લેશે.

બીટ કક્ષા, ઝોન કક્ષા તથા શહેર કક્ષાએ વિવિધ ઈનામો રોકડ સ્વરૂપે આપવામાં આવશે. જે નીચે મુજબ રહેશે. બીટ તથા ઝોન કક્ષાએ પ્રથમ આવનારને રૂા.૫૦૧/-,દ્વિતીય આવનારને રૂા.૩૫૧/-, તૃતીય આવનારને રૂા.૨૫૧/- શહેર કક્ષાએ પ્રથમ આવનારને રૂા.૩૦૦૦/- દ્વિતીય આવનારને રૂા.૨૦૦૦/- અને તૃતીય આવનારને રૂા.૧૦૦૦/- એમ મળી કુલ રૂા.૩૦,૨૬૬/-ના રોડ પુરસ્કાર આપવામાં આવશે.

(૨) **વકતૃત્વ સ્પર્ધા :-** ધો.૬ અને ૭ના બાળકો માટે નીચેના વિષયો પર વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવશે.

(૧) ગતિશીલ ગુજરાત - મારી દૃષ્ટિએ
(૨) મારું ગુજરાત - આગવું ગુજરાત
(૩) ગુજરાતના મહાનુભાવો
(૪) ગુજરાતની ગરિમા

શાળા કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થી બીટકક્ષાએ, બીટ કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ ઝોનકક્ષાએ અને ઝોનકક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ શહેર કક્ષાએ ભાગ લેશે.

બીટ કક્ષા, ઝોન કક્ષા તથા શહેર કક્ષાએ વિવિધ ઈનામો રોકડ સ્વરૂપે આપવામાં આવશે. જે નીચે મુજબ રહેશે. બીટ તથા ઝોન કક્ષાએ પ્રથમ આવનારને રૂા.૫૦૧/-,દ્વિતીય આવનારને રૂા.૩૫૧/-, તૃતીય આવનારને રૂા.૨૫૧/- શહેર કક્ષાએ પ્રથમ આવનારને રૂા.૩૦૦૦/- દ્વિતીય આવનારને રૂા.૨૦૦૦/- અને તૃતીય આવનારને રૂા.૧૦૦૦/- એમ મળી કુલ રૂા.૩૦,૨૬૬/-ના રોડ પુરસ્કાર આપવામાં આવશે.

(૩)**નિબંધ સ્પર્ધા :-** ધો.૬ અને ૭ના બાળકો માટે નીચે મુજબના વિષયો પર નિબંધ સ્પર્ધા યોજવામાં આવશે.

(૧) ગતિશીલ ગુજરાત - મારી દૃષ્ટિએ
(૨) મારું ગુજરાત - આગવું ગુજરાત
(૩) ગુજરાતના મહાનુભાવો
(૪) ગુજરાતની ગરિમા

શાળા કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થી બીટકક્ષાએ, બીટ કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ શહેર કક્ષાએ ભાગ લેશે.

બીટ કક્ષા તથા શહેર કક્ષાએ વિવિધ ઈનામો રોકડ સ્વરૂપે આપવામાં આવશે. જે નીચે મુજબ રહેશે બીટ પ્રથમ આવનારને રૂા.૫૦૧/-, દ્વિતીય આવનારને રૂા.૩૫૧/- , તૃતીય આવનારને રૂા.૨૫૧/- શહેર કક્ષાએ પ્રથમ આવનારને રૂા.૫૦૦૦/- દ્વિતીય આવનારને રૂા.૪૦૦૦/-, તૃતીય આવનારને રૂા.૩૦૦૦/-, ચોથા ક્રમે આવનારને રૂા.૨૦૦૦/- અને પાંચમા ક્રમે આવનારને રૂા.૧૦૦૦/- એમ મળી કુલ રૂા.૩૨,૬૪૮/-ના રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(૪) **ચિત્ર સ્પર્ધા :-** ધો.૬ અને ૭ના બાળકો માટે નીચે મુજબના વિષયો પર બીટ તથા શહેર કક્ષાએ ચિત્ર સ્પર્ધા યોજવામાં આવશે.

(૧) ગુજરાતનો વિકાસ - મારી દ્દષ્ટિએ  (૨) ગુજરાતના મહાનુભાવો

(૩) ગુજરાતના ઐતિહાસિક સ્થળો  (૪) ગતિશીલ ગુજરાતની આવતીકાલ

શાળા કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થી બીટકક્ષાએ, બીટ કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ શહેર કક્ષાએ ભાગ લેશે.

બીટ કક્ષા તથા શહેર કક્ષાએ વિવિધ ઈનામો રોકડ સ્વરૂપે આપવામાં આવશે. જે નીચે મુજબ રહેશે બીટ પ્રથમ આવનારને રૂા.૫૦૧/-, દ્વિતીય આવનારને રૂા.૩૫૧/- , તૃતીય આવનારને રૂા.૨૫૧/- શહેર કક્ષાએ પ્રથમ આવનારને રૂા.૫૦૦૦/- દ્વિતીય આવનારને રૂા.૪૦૦૦/-, તૃતીય આવનારને રૂા.૩૦૦૦/-, ચોથા ક્રમે આવનારને રૂા.૨૦૦૦/- અને પાંચમા ક્રમે આવનારને રૂા.૧૦૦૦/- એમ મળી કુલ રૂા.૩૨,૬૪૮/-ના રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

(૫) **સ્કાઉટ - ગાઈડ રેલી :-** ગુજરાતની સ્થાપનાની ચળવળના પ્રણેતા ઈન્દુચાચાની પ્રતિમા (રૂપાલી સિનેમા)થી લઈને ટાઉન હૉલ સુધી ધો.૬ થી ૮નાં ૧૦૦૦ સ્કાઉટ-ગાઈડ બાળકોની રેલી યોજવામાં આવશે. જેની પૂર્ણાહૂતી ટાઉન હૉલ ખાતે મહાનુભાવોની હાજરીમાં તેમના પ્રેરક પ્રવચનોથી કરવામાં આવશે.

(૬) **મ્યુનિ. શાળાઓને શણગારવી :-** મ્યુનિ. સ્કૂલ બોર્ડની તમામ શાળાઓને આ દિવસે આસોપાલવ તોરણથી અથવા ફેન્સી મટીરીયલથી શણગારવી.

(૭) **તરૂણ ( યુવા ) સંમેલન :-** ધો.૮માં અભ્યાસ કરતાં આશરે ૧૦૦૦ વિદ્યાર્થીઓ માટે તા.૧-૫-૧૬ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ટાગોર હૉલ, પાલડી ખાતે યોજવામાં આવશે. જેમાં ‘‘ગતિશીલ ગુજરાતના કાર્યો’’ વિષય પર મહાનુભાવો ઉદ્‌બોધન કરશે, જેની માહિતી હવે પછી મોકલવામાં આવશે.

(૮) **હેરીટેજ વોક :-** કોટ વિસ્તારમાં આવેલી ધો.૬ થી ૮ની શાળાઓના વિદ્યાર્થી તા.૧ લી મેના રોજ સવારે ૯.૦૦ કલાકે હેરીટેજ વૉક કરશે, જેની માહિતી હવે પછી મોકલવામાં આવશે.

(૯) **કેનવાસ પેઈન્ટીંગ :-** મ્યુનિ. સ્કૂલ બોર્ડના તમામ ચિત્ર શિક્ષકો તથા ચિત્રમાં રસ ધરાવતા શિક્ષકો માટે ‘‘ગુજરાતનો ઐતિહાસિક વારસો’’ તેમજ ‘‘ગતિશીલ ગુજરાત’’ના વિષયને ધ્યાનમાં રાખીને ‘કેનવાસ પેઈન્ટીંગ’ સ્પર્ધા યોજવામાં આવનાર હોઈ રૂચિ ધરાવતા શિક્ષકોએ તા.૨૦-૪-૧૬ સુધીમાં જે-તે ઝોનમાં એન્ટ્રી કરાવવાની રહેશે. તમામ પ્રકારનું મટીરીયલ ઓફિસ દ્વારા પૂરું પાડવામાં આવશે.

(૧૦) **પ્રદર્શની :-** ગુજરાત રાજ્યના ટુરીઝમ વિભાગનો સંપર્ક કરી તરૂણ (યુવા) સંમેલન માટે ‘‘ગુજરાતની વિકાસ ગાથા’’ રજૂ કરતી પ્રદર્શની ટાગોર હૉલ,પાલડી ખાતે રજૂ કરવામાં આવશે.

(૧૧) **પ્રતિમાઓની સફાઈ :-** જે-તે શાળાએ પોતપોતાની શાળાઓની નજીકમાં આવેલ મહાનુભાવોની પ્રતિમાઓની સફાઈ કરાવવાની રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

આ ઉપરાંત મ્યુનિ. શાળાના વિદ્યાર્થીઓ નજીકની લાઈબ્રેરીમાં જઈ ''ગુજરાત'' વિષયના વિવિધ પુસ્તકોનું વાંચન કરી ગુજરાતની ઐતિહાસિક,ભૌગોલિક,સાંસ્કૃતિક સમૃદ્ધિથી માહિતગાર થાય તે માટે પ્રયત્નો કરવા.

**''ગુજરાત ગૌરવ દિન'' ઉજવણી કાર્યક્રમ**

| તારીખ | સમય | કાર્યક્રમ | ભાગ લેનાર |
|---|---|---|---|
| ૩૦-૪-૧૬ | ૮.૦૦ થી ૯.૦૦ | શાળા કક્ષાએ<br>મહાસફાઈ | તમામ શાળાઓ<br>૧ થી ૫,૬ થી ૮,૧ થી ૮ |
| ૩૦-૪-૧૬ | ૮.૦૦ થી ૯.૦૦ | મહાનુભાવોની પ્રતિમા સફાઈ | નજીકની મ્યુનિ. શાળાઓ |
| ૩૦-૪-૧૬ | સવારે ૮.૦૦ કલાકે | શાળા બિલ્ડીગમાં આસોપાલવના તોરણ તેમજ કાગળ/ ફેન્સી મટીરીયલ્સથી શણગારવી. | શાળા મકાનોમાં |
| ૩૦-૪-૧૬ | સવારે ૯.૦૦ કલાકે | તરૂણ (યુવા) સંમેલન | ટાગોર હૉલ,પાલડી,<br>૧૦૦૦ વિદ્યાર્થીઓ |
| ૧-૫-૧૬ | ૮.૦૦ થી ૯.૦૦ | ઈન્દુચાચા પ્રતિમાથી<br>વિવેકાનંદજીની પ્રતિમા, ટાઉન હૉલ | ૧૦૦૦ સ્કાઉટ/ગાઈડ<br>પસંદગીની શાળાઓમાંથી |
| | ૮.૦૦ થી ૧૦.૦૦ | હેરીટેજ વોકનું આયોજન | પસંદગીની શહેર-કોટ વિસ્તારની શાળાઓ ૧૦૦ વિદ્યાર્થીઓ |
| | ૯.૩૦ થી ૧૦.૩૦ | એ. વેશભૂષા સ્પર્ધા સ્કાઉટભવન | તમામ પ્રાથમિક શાળા (ધો.૧ થી ૫) |
| | | બી.ચિત્રકામ સ્પર્ધા સ્કાઉટભવન | ઉચ્ચ પ્રાથમિક શાળા (ધો.૬ થી ૭) |
| | | સી. નિબંધ સ્પર્ધા સ્કાઉટભવન | ઉચ્ચ પ્રાથમિક શાળા (ધો.૬ થી ૭) |
| | | ડી.વકતૃત્વ સ્પર્ધા સ્કાઉટભવન | ઉચ્ચ પ્રાથમિક શાળા (ધો.૬ થી ૭) |
| | | ઈ. કેનવાસ પેઈન્ટીંગ સ્કાઉટભવન | તમામ ચિત્ર શિક્ષકો |
| | ૯.૦૦ થી ૧૧.૦૦ | લાયબ્રેરી વાંચન કાર્યક્રમ<br>(નજીકની મ્યુનિ.લાયબ્રેરી ખાતે)<br>• ગુજરાતની અસ્મિતા<br>• ગુજરાતનો વિકાસ<br>• ગુજરાતની ભિન્ન ભિન્ન વિશેષતા ધરાવતી બાબતો/ વિષયોનાં પુસ્તકોનું વાંચન | ધો.૬ થી ૮ની પસંદગીની શાળાના<br>૨૫-૨૫ બાળકોને<br>આયોજન મુજબ |

આ કાર્યક્રમમાં નીચે મુજબના અધિકારીશ્રીઓને કામગીરી વહેચી હોઈ તેઓનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવવાનું રહેશે.

૧. વેશભૂષા / સ્કાઉટ-ગાઈડ રેલી: શ્રી નલિનીબેન પોપટાણી : નાયબ શાસનાધિકારી
૨. નિબંધ / તરૂણ(યુવા) સંમેલન : શ્રી દિનેશભાઈ દેસાઈ : મદદનીશ શાસનાધિકારી દક્ષિણ ઝોન
૩. ચિત્ર /કેનવાસ પેઈન્ટીંગ : શ્રી ચંદ્રકાન્તભાઈ ગામેતી : મદદનીશ શાસનાધિકારી પૂર્વ ઝોન
૪. વકતૃત્વ સ્પર્ધા / હેરીટેજ વોક : ડૉ.સત્યેન્દ્રસિંહ ઠાકુર : મદદનીશ શાસનાધિકારી ઉત્તર ઝોન
૫. પ્રદર્શની/ પ્રતિમા સફાઈ/રોશની ડૉ.અશ્વિનભાઈ ત્રિવેદી : નાયબ શાસનાધિકારી

અન્ય સૂચનાઓઃ-

૧. ઉપરોકત સ્પર્ધાઓનું બીટ તથા ઝોન કક્ષાનું આયોજન જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીએ તા.૧-૫-૧૬ પહેલા પૂર્ણ કરવાનું રહેશે.
૨. વેશભૂષા, નિબંધ,ચિત્ર, કેનવાસ પેઈન્ટીંગ શહેર કક્ષાએ તા.૧-૫-૧૬ના રોજ સ્કાઉટભવન ખાતે યોજાશે. જેમાં તમામ વિદ્યાર્થીઓએ સવારે ૮.૦૦ કલાકે ઉપસ્થિત રહેવું
૩. તરૂણ સંમેલન, હેરીટેજ વોક તથા સ્કાઉટ રેલીના બાળકો માટે જે તે શાળાના મુખ્ય શિક્ષકને અલગથી જાણ કરવામાં આવશે.

તા.૭-૪-૧૬

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી